# જોઈએ છે

## જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૬

ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ અને પી.એન.પટેલ કોમર્સ કોલેજ, ઈડર માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તેઓના પત્ર ક્રમાંક: કચઠ/ISC3/NOC/૨૧૪૯૫-૯૭, તા.૧૭-૦૭-૨૦૨૫; ક્રમાંક: કચઠ/ISC3/વર્ગ-૩/NOC/૨૨૯૬૫-૬૭, તા.૧૯-૦૯-૨૦૨૫થી મળેલ એન.ઓ.સી તથા તા.૦૭-૦૪-૨૦૨૬ના પત્ર ક્રમાંક: કચઠ/ISC3/NOC /બીજો પ્રયત્ન/૪૪૫૬૮થી મળેલ મુદત વધારા અંતર્ગત ક્લાર્ક વર્ગ -૩ (ગ્રુપ - A તથા ગ્રુપ B)ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (Combined Competitive Examination) માટે નીચે દર્શાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ અને વર્ગ | ગ્રુપ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | દિવ્યાંગતા નો પ્રકાર | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બિન અનામત | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બધિર અને ઓછુ સાંભળનાર (B) | | |
| ૦૧ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | Group -A | 02 | 02 | 0 | 0 | 0 | 0 | 0 | ગુજરાત સરકાર/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ | ૨૬૦૦૦/- પાંચ વર્ષ માટે ફિક્સ પગાર |
| કુલ Group-A | | | 02 | 02 | 0 | 0 | 0 | 0 | 0 | | |
| ૦૨ | જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) | Group -B | 04 | 01 | 0 | 02 | 0 | 0 | 01 0 D, HH (40-70%) | ગુજરાત સરકાર/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ | ૨૬૦૦૦/- પાંચ વર્ષ માટે ફિક્સ પગાર |
| કુલ Group-B | | | 04 | 01 | 0 | 02 | 0 | 0 | 01 | | |

ઉપર જણાવેલ જગ્યાઓ રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેખિત પરીક્ષાના અભ્યાસક્રમના માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલ ઉમેદવાર ઉમેદવારી કરી શકે છે. કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. રાજ્યસરકારશ્રીના ધારા ધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયેથી સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં નિયમિત કરી શકાશે. અન્ય ભથ્થા કે લાભો મળવા પાત્ર નથી. વિદ્યાર્થી સંખ્યા વધઘટ અથવા કોઈ કારણસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. **લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૦માં સ્પીડ પોસ્ટથી અરજી કરવાની રહેશે.** રૂબરૂ અરજી લેવામાં આવશે નહિ. અરજીનું ફોર્મેટ કોલેજની વેબસાઈટ **https://accidar.org/** ઉપર મુકેલ છે. ભરતીને લગતી માહિતી માટે ઉમેદવારે નિયમિત વેબસાઈટ જોવાની રહેશે. વેબસાઈટ ઉપર મુકેલ અરજીના ફોર્મેટમાં જ અરજી કરવાની રહેશે. આ અરજી ફોર્મ સાથે સેમેસ્ટર-૬/૮ (છેલ્લા સમેસ્ટર/વર્ષ)ની માર્કશિટની નકલ, ડિગ્રી સર્ટીફીકેટની નકલ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા ધોરણ-૧૦/૧૨ની માર્કશિટની નકલ (જો જન્મ તારીખ છાપેલ હોય તો), જાતિના દાખલાની નકલ (લાગુ પડતુ હોય તો), નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટની નકલ (લાગુ પડતુ હોય તો), કોમ્પ્યુટર નોલેજ સર્ટીફીકેટની નકલ, દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્રની નકલ તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, અનુભવના પ્રમાણપત્રો સ્વપ્રમાણિત કરી જોડવા. અધુરી વિગતવાળી અને આધાર વિનાની અને નિયત સમય મર્યાદા બાદ મળેલ અરજી અમાન્ય ગણવામાં આવશે. ભરતી અંગેની વધુ વિગત ઉપર જણાવેલ કોલેજની વેબસાઈટ ઉપર મુકેલી છે. જે વાંચીને જ ફોર્મ ભરવાનું રહેશે. અરજી સાથે બિન અનામત વર્ગના ઉમેદવારે રૂ. ૫૦૦/- તથા તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારોએ રૂ. ૪૦૦/-નો નોન રીફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ **ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ ઈડરના** નામનો સામેલ રાખી નીચેના સરનામે અરજી મોકલી આપવી.

**અરજી મોકલવાનું સરનામું : પ્રમુખ / મંત્રીશ્રી, ઉત્તર સાબરકાંઠા ઉચ્ચ કેળવણી મંડળ, ઈડર આંજણા પાટીદાર એચ.કે.એમ.આર્ટસ અને પી.એન.પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ, બસ સ્ટેન્ડની સામે, વલાસણા રોડ, મુ.પો.તા.ઈડર, જિલ્લો- સાબરકાંઠા-૩૮૩ ૪૩૦**